# એલઆરડી પુરૂષ ઉમેદવારો દ્વારા ઈચ્છા મૃત્યુની માંગ

## રાજકીય પાર્ટીઓ કોરોનામાં રેલી કાઢે, ગરબા રમે તો પેન્ડેમિક એક્ટનો ભંગ થતો નથી

અરવલ્લી જીલ્લામાં એલઆરડીના ઉમેદવારોએ કલેકટર સમક્ષ ઈચ્છામૃત્યુની માંગ કરી છે. એલઆરડી ભરતી પ્રક્રિયાનો વિવાદ સમવાનું નામ લેતો નથી, એલઆરડી ભરતીમાં પુરૂષ ઉમેદવાર યુવાનોએ તેમની સાથે થયેલ અન્યાયના પગલે ન્યાયની માંગ સાથે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પુરૂષ ઉમેદવારોને અન્યાય થતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યા છે એટલું જ નહીં પરંતુ ભરતીમાં ૩૩ ટકા મહિલા-૬૭ ટકા પુરુષનો રેશિયો ન જળવાયો હોવાનું પણ કહેવાયું છે. સરકાર દ્વારા અન્યાયને લઈ ઈચ્છામૃત્યુની માંગ કરી છે.

એલઆરડીના ભરતીમાં અનામત કેટેગરીની મહિલા ઉમેદવારો મેરિટ ઊંચુ હોવા છતાં જનરલ કેટેગરીની મહિલા અનામતમાં સ્થાન મેળવી ન શકે તેવી જોગવાઈ સાથેના જીએડીએ બહાર પાડેલા તા.૧-૮-૨૦૧૮ના ઠરાવને રદ કરવાની માંગને લઈને ગાંધીનગરમાં એસસી, એસટી, અને ઓબીસીની






મહિલા ઉમેદવારો આંદોલન છેડતા આખરે સરકારે રાજય સરકારે ૧૧ ફેબ્રુઆરીએ આ ઠરાવમાં આંશિક સુધારો કરવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત બાદ બિન અનામત વર્ગે આંદોલન શરૂ કર્યું હતું. જેને કારણે રાજય સરકારે મહિલાઓ માટેની અનામત બેઠકોમાં વધારો કરીને ૫૨૨૭ બેઠક પર ભરતી કરવાની જાહેરાત કરીને સમાધાનકારી રસ્તો અપનાવ્યો હતો. બંધારણની જોગવાઈ મુજબ દરેક સરકારી ભરતીમાં ૩૩ ટકા મહિલા અને ૬૭ ટકા પુરુષ ઉમેદવારનો રેસિયો જળવાવો જોઈએ પરંતુ સરકારે પોતાના ફાયદા માટે લીધેલ ગેરબંધારણીય નિર્ણયથી પુરૂષ ઉમેદવારોને અન્યાય થતા અનેકવાર સરકારને આવેદનપત્ર આપવા છતાં અને સરકારને રૂબરૂ રજુઆત કરવા જતા હોય ત્યારે પોલીસનો ઉપયોગ કરી પુરૂષ ઉમેદવારોને દબાવી દેવામાં આવે છે અને મુલાકાત ટાળવામાં આવી રહી છે. ગાંધીનગર રજુઆત કરવા પહોંચતા ઉમેદવારો સામે એપેડીક એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે, રાજકીય પાર્ટીઓ રેલી કાઢે કે ગરબા રમે તો તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.


એલઆરડી પુરૂષોએ વારંવાર ભરતીમાં અન્યાય થતા ૧૦ દિવસ સમયમાં ન્યાય નહિ આપવામાં આવે તો ઉમેદવારોની છેલ્લી દિવાળી હશેની ચીમકી ઉચ્ચારી ઈચ્છા મૃત્યુની કરી માંગ કરી હતી.

## પ્રાંતિજ બોખમાં કમળો ખીલી ઉઠતાં નયનરમ્ય નજારો જોવા મળ્યો

### વર્ષો પછી બે કાંઠે બોખ છલોછલ ભરાતા પાણીની સાથે બોખમા કમળના ફૂલ જોવા મળ્યા

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આ વર્ષે મેધરાજાની અસિમ કૃપાથી પ્રાંતિજ ખાતે આવેલ બોખ છલોછલ ભરાઈ જતાં ઘણા વર્ષો પછી આ નજારો જુની પેઢીને તો યાદ કરાવે છે પણ નવી પેઢીએ સાંભળેલી વાત આજે ઘણા વર્ષો પછી જાણે સાર્થક થઈ હોય તેવું જણાઈ આવે છે અને બોખમાં વચ્ચે આજુબાજુ જયાં જુઓ ત્યાં હાલ



હજારોની સંખ્યામાં કમળો ખીલી ઉઠતાં નયન રમ્ય નજારો જોવા મળી રહ્યો છે.

પ્રાંતિજ ખાતે આવેલ મોટી બોખ નાની બોખ આ વર્ષે મેઘરાજાની અસિમ કૃપાથી સારા વરસાદને લઈને છલોછલ ભરાઈ ગઈ છે. કેટલાય વર્ષોથી બોખમાં તળીયા દેખાતા આ વર્ષે નાની મોટી બોખ છલોછલ ભરાતા વર્ષો પહેલાનો નજારો ફરી જોવા મળી રહ્યો છે અને બોખમાં હાલ હજારોની સંખ્યામાં રોજના કમળો ખીલતા તો સફેદ કમળ ખીલતા જાણે બોખમા પાણીની અંદર સફેદ ચાદર પાથરી હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે. બોખમાં પાણી ભરાતા પ્રાંતિજની આજુબાજુમાં આવેલ ૨૦ થી પણ વધારે ગામોનું બોર કુવાઓમાં મળી રહેશે અને કુવાઓ રીચાર્જ થશે ત્યારે હાલ તો નગરજનો સહિત આજુબાજુના લોકો આ કુદરતી નયનરમ્ય નજારો જોવાનો લાહવો ચુકવા માંગતા ના હોય તેમ નગરજનો જોવા ઉમટી પડે છે.

## સિંચાઈની લાઈનોમાં ભંગાણ થતા શાંતિપુરા કંપાના ખેડૂતો ધનસુરા-માલપુર માર્ગ પર ઉતર્યા

ધનસુરા, તા. ૬

ધનસુરા તાલુકાની શાંતિપુરાકંપાના ખેડૂતો રોડ પર ઉતર્યા હતા. ખેડૂતો ન્યાય આપો ના બેનર સાથે માર્ગ પર ઉતર્યા હતા. શાંતિપુરાકંપા ગામમાં ખેડૂતોએ સિંચાઈ માટે પીયત મંડળી બનાવી છે અને ૫૧ સભ્યોની નોંધણી કરાવી છે.

આ સભ્યોની નોંધણી રજીસ્ટર કરાવેલ છે અને ૧૮ ખેડૂતોએ મંડળી ધ્વારા બેંકમાંથી લોન લઈ ૬ ઈંચના ડાયામીટરની છ પાઈપલાઈનો સરડીકંપા થઈ પસાર થતી વાત્રકની જમણા કાંઠાની નહેરમાંથી શાંતિપુરાકંપા સુધી નાખેલ છે. આ લાઈનો ૧૮૦૦૦ ફૂટ લાંબી છે. જેમાં ભંગાણ થતા સિંચાઈની વ્યવસ્થા બગડી




જતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોએ આ માટે દેના બેંકમાંથી ૧.૫૦ લાખની લોન પણ લીધી છે ત્યારે ખેડૂતોએ લોન લઈ બનાવેલ સિંચાઈ માટેની આ લાઈનોમાં ભંગાણ થતા ગામના ૧૦૦ થી વધુ ખેડૂતોને સિંચાઈ તથા પશુઓને પાણીનો પ્રશ્ન ઉભો થયો છે, ત્યારે ગામના ખેડૂતો રસ્તા પર ન્યાય આપો ના બેનર સાથે ઉતર્યા હતા.

જેમાં ગામની મહિલાઓ પણ જોડાઈ હતી. સિંચાઈ માટે આટલા બધા રૂપિયા ખર્ચ કરી બનાવેલ આ લાઈનોમાં ભંગાણ થતા ખેડૂતોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે અને ખેતીમાં મુશ્કેલી થતા ખેડૂતો ન્યાય આપો ના બેનર સાથે ધનસુરા-માલપુર રોડ પર બેસી ગયા હતા. શાંતિપુરાકંપા પિયત મંડળીએ સંપ, ડી.પી, વીજળી રૂમ સહિતની પાઈપલાઈનમાં ખર્ચ કરી બનાવેલ છે હાલ પિયતના સમય હોય પાણી ન પહોંચતા ખેડૂતો રસ્તા પર ઉતર્યા હતા.

## ભાઈબીજથી હાથમતી કેનાલમાં રવિપાક માટે પાણી છોડાશે

### ત્રણ જિલ્લાની મળી અંદાજે ૩૨૦૦ હેક્ટર જમીનમાં પિયત થશે : રવિપાક માટે પાંચ પાણી આપવાનો નિર્ણય

હિંમતનગર, તા.૦

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે પડેલા સંતોષકારક વરસાદ બાદ હાથમતી જળાશય છલોછલ ભરાઈ જતા સાબરકાંઠા જિલ્લાના ખેડૂતો આનંદથી ઝુમી ઉઠયા હતા. તે પાછળનું કારણ એ હતું કે ચોમાસુ સિઝન નિષ્ફળ ગયો છે પરંતુ શિયાળુ પાક સારો થશે તે આશા રાખીને ખેડૂતો બેઠા છે ત્યારે સિંચાઈ વિભાગે દિવાળી બાદ ભાઈબીજના દિવસથી હાથમતી કેનાલમાં પાણી છોડવાનો નિર્ણય કર્યો છે. રવિપાક માટે છોડાનારૂ પાણી ત્રણ જિલ્લાની મળી અંદાજે ૩૨૦૦ હેક્ટર જમીનમાં પિયત થઈ શકશે.

આ અંગે સિંચાઈ વિભાગના અધિકારી આર.એચ.પટેલના જણાવાયા મુજબ આ વર્ષે તી જ કેચમેન્ટ એરીયામાં પડેલા સંતો વરસાદને લીધે હાથમતી જળાશય છલોછલ ભરાઈ ગયુ હતું. જોકે દરવાજા વગરના આ ડેમમાંથી વેસ્ટવીયર મારફતે જે પાણી આવતુ હતું તેના લીધે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ, તલોદ અને હિંમતનગર તાલુકાના ખેડૂતોને ડાંગરના પાકમાં પિયત મળ્યુ હતું. એટલુ જ નહી પણ વધારાના આ પાણીને કારણે જિલ્લાના અનેક જળાશયો કેનાલના પાણીથી ભરાયા હતા.

ચોમાસામાં અનેક તળાવોમાં પાણી ભરાયુ હોવાને કારણે જમીનમાં પાણીના તળ ઉચા આવ્યા હતા. જેનો સીધો ફાયદો બોરકુવાઓને થતા પાણીના તળ ઉચા આવ્યા હતા. હાથમતી જળાશય છલોછલ ભરાઈ ગયા બાદ સિંચાઈ વિભાગ ધ્વારા રવિપાક માટે સાબરકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કેનાલ મારફતે પાણી છોડવાનો નિર્ણય કરાયો છે. જે મુજબ ભાઈબીજના દિવસથી કેનાલમાં પાણી વહેવા માંડશે જેન લાભ ત્રણેય જિલ્લાની મળી ૩૨૦૦ હેક્ટર જમીનને મળી શકશે.

સિંચાઈ વિભાગ ધ્વારા રવિસીઝન માટે જે પાંચ પાણી આપવાના છે તેમાં સમયાંતરે અપાશે શરૂઆતના તબક્કામાં પાણી લગભગ ૧૫ દિવસથી વધુ ચાલુ રહેશે ત્યારબાદ દશેક દિવસ પાણી બંધ રાખીને ફરીથી બીજુ પાણી છોડવામાં આવશે. અને લગભગ ૧૫ મી માર્ચ સુધીમાં પાંચ પાણી અપાશે.

## કટોસણ રોડ-બહુચરાજી-ચાણસ્મા-રણુજ રેલ્વે લાઈન પ્રોજેક્ટને ૭૮૭ કરોડના ખર્ચે ગેઝ કન્વર્ઝન કરાશે

ગાંધીનગર, તા. ૬

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે ઉત્તર ગુજરાતના રેલ્વે યાત્રીઓની સુવિધામાં વધારો કરવા માટે કટોસણ રોડ-બહુચરાજી-ચાણસ્મા-રણુજ રેલ્વે લાઈન પ્રોજેક્ટને રૂ.૭૮૭ કરોડના ખર્ચે ગેઝ કન્વર્ઝન કરાશે.

તેમણે ઉમેર્યુ કે આ રેલ્વે લાઈનના ૬૫ કિ.મી.ના ગેઝ કન્વર્ઝનના પ્રોજેક્ટના અમલીકરણ માટે બહુચરાજી રેલ કોર્પોરેશન લી.ની રચના કરવામાં આવી છે. અંદાજીત રૂ. ૭૮૭ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટનું નિર્માણ કરાશે. જેમાં પ્રથમ તબક્કામાં કટોસણ રોડ-બહુચરાજીના ૨૭.૫ કિ.મી.ને આવરી લેવાશે. જેની અંદાજીત પ્રોજેક્ટ કિંમત રૂ. ૩૭૫ કરોડ મંજૂર કરવામાં આવી છે. રેલ મંત્રાલય દ્વારા બંને તબક્કાની પ્રોજેક્ટની કુલ કિંમત રૂ. ૭૮૭ કરોડ અને સુધારેલ શેર હોલ્ડીંગ પેટર્નમાં જી-રાઈડના ૪૫ ટકા, જીઆઈડીસીના ૨૯ ટકા અને મારૂતિ સુઝુકીના ૨૬ ટકા ને મંજૂરી આપવામાં આવી છે.

આ નવીન પ્રોજેક્ટના નિર્માણ થકી મહેસાણા અને પાટણ જિલ્લાના યાત્રીઓને મળતી રેલ સુવિધામાં તેમજ માલસામાનના પરિવહનની સુવિધામાં પણ વધારો થશે અને આ વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ મોટા પ્રમાણમાં વધશે જેના કારણે ધંધા-રોજગારમાં પણ મોટી વૃધ્ધિ થશે.




## સોનાલીકા ટ્રેક્ટર કંપનીને ૨૪ વર્ષ પૂર્ણ થતા ઉજવણી

સોનાલીકા ટ્રેક્ટરની કંપનીને ૨૪ વર્ષ પૂર્ણ થતા ગુજરાતના હેડ મોહિત કપૂર, હસમુખભાઈ પટેલ (મોડાસા શો રૂમ), દિપેશ પટેલ અને સ્ટાફની હાજરીમાં ઉજવણી કરવામાં આવી હતી. દેશની અગ્રણી ટ્રેક્ટર કંપની સોનાલીકાને ૨૪ વર્ષ થતા. મોડાસા ખાતે ઉજવણી કરાઈ હતી. મોડાસા સોનાલીકા ટ્રેક્ટર કંપનીને પણ ૨૩ વર્ષ પૂર્ણ થયા હતા ત્યારે સોનાલીકા ટ્રેક્ટરના મોડાસા શો રૂમ ખાતે ગુજરાતના હેડ મોહિત કપૂર હાજર રહ્યા હતા અને સમગ્ર સ્ટાફની હાજરી માં ઉજવણી કરવામાં આવી હતી અને ટ્રેક્ટર ખરીદનાર ગ્રાહક પુનમભાઈ એચ. પટેલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કંપનીને ૨૪ વર્ષ થતા સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

### બનાસનું સહકારી રાજકારણ આમૂલ પરિવર્તનના માર્ગે

## શંકરભાઈના નેતૃત્વમાં બનાસ બેંક બાદ બનાસ ડેરી પણ સમરસ

પાલનપુર, તા. ૬

જ્યારે જ્યારે કોઈ ચૂંટણીની વાત આવે, એ પછી ગ્રામ પંચાયતના સરપંચ હોય, તાલુકા પંચાયત હોય, જિલ્લા પંચાયત હોય, ધારાસભા હોય કે લોકસભા, ચૂંટણી હંમેશા મારફાડ રીતે ખેલાતી હોય છે. પ્રાંતવાદ, તાલુકાવાદ, કોમવાદ જેવા તમામ દૂષણો કોઈ પણ ચૂંટણીને ગંભીર બનાવી દેતા હોય છે. એમાંય છેલ્લા બે દાયકાથી સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ તો તેની તમામ હદો વટાવીને ચરમસીમાએ પહોંચી ગઈ છે. ગામેગામ ઠરાવો કરાવવાથી લઈને ઉમેદવારી કરવા અને સંસ્થાના ડિરેક્ટર બનવા જાણે હોડ જામી હોય તેવો માહોલ સર્જાતો હોય છે.



પણ મહાભારત જેવા ભીષણ યુદ્ધમાં પણ શાંતિની આશાના એક માત્ર કિરણની અપેક્ષા શ્રીકૃષ્ણ ભગવાનમાં સૌ કોઈ રાખી રહ્યા હતા એમ જ ગમે તેવી ભીષણ ચૂંટણી યુદ્ધની પરિસ્થિતિમાં સમરસતાનો રસ્તો પણ નીકળી જતો હોય છે તેવું તાદશ્ય ઉદાહરણ બનાસકાંઠા જિલ્લાની ટોચની બે સહકારી સંસ્થાઓ બનાસ બેંક અને બનાસ ડેરીમાં જોવા મળ્યું. બનાસ બેંકની વાત કરીએ તો સને ૨૦૧૩ની બનાસ બેંકની ચૂંટણીમાં શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બેન્કનું આખુ બોર્ડ બિન હરીફ થયું અને સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ પણ બિનહરીફ થઈ શકે તેવા આશ્ચર્ય સાથે સમગ્ર જીલ્લાએ આ ઐતિહાસિક ઘટનાની નોંધ લીધી. જિલ્લાનું સહકારી રાજકારણ "ચૂંટણી નહિ પણ વરણી" એ દિશામાં જવા માંડ્યું એ પછી તો સને ૨૦૧૬ની બનાસ બેંકની સંચાલક મંડળની ચૂંટણીમાં માત્ર વડગામ અને ડિસા સીટને બાદ કરતા આખો જિલ્લો બિન હરીફ થાય તેવી પણ ઘટના ઘટી. જિલ્લાના સહકારી રાજકારણમાં સીમાચિન્હરૂપ આ ઘટનાઓએ રાજ્યની સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સૌ કોઈને સમરસતાનો સંદેશ આપ્યો.

# મોડાસા શહેરમાં એટીએમ કોરોનામાં સપડાયા

## છેલ્લા પંદર દિવસથી ક્વોરન્ટાઇન થતાં ખાતેદારોને હાલાકી !

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં હાલ કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. આ વચ્ચે બેંકના કર્મચારીઓ પણ કોરોના સંક્રમિત થયા હતા, પણ હવે મોડાસા શહેરમાં એટીએમ પણ કોરોના સંક્રમિત થયા




હોય તેવો ઘાટ ઘડાયો છે. શહેરના મોટા ભાગના એટીએમ મશિનને કોરોનાના સામાન્ય લક્ષણો જણાતા આઉટ ઓફ સર્વિસ થયા છે. માટે એટીએમ સેન્ટરને ક્વોરન્ટાઈન કરાતા શટર બંધ જોવા મળી રહ્યા છે તો કેટલાક એટીએમ સેન્ટરમાં મશિન જ બંધ કરી દેવાયા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં અવારનવાર બેંકોના એટીએમ બંધ થતા ગ્રાહકોએ ધરમના ધક્કા ખવાનો વારો આવ્યો છે. સરકાર બેંકોમાં અવાર-નવાર બદલાવ કરીને ગ્રાહકોની સુવિધાઓમાં વધારો કરવાની વાતો કરે છે પણ સુવિધાઓ અથવા તો ટેકનિકલ કારણોથી બંધ પડેલી સિસ્ટમને ફરી શરૂ કરવામાં અધિકારીઓને જાણે કોઈ જ રસ ન હોય તેવું લાગે છે. શહેરના ડીપ વિસ્તારથી બસ સ્ટેશન સુધીના મોટા ભાગના છ્સ બંધ હાલતમાં તો ક્યાંક આઉટ ઓફ સર્વિસ જોવા મળી રહી છે. સરકારી તો ઠીક ખાનગી બેંકના એટીએમ પણ કોરોનામાં સપડાયા હોય તેવું લાગી રહ્યું છે.




દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે બેંકમાં ભારે ભીડ હોવાને કારણે ગ્રાહકો એટીએમમાંથી નાણા ઉપાડવાનું પસંગ કરી રહ્યા છે પણ મોટા ભાગના એટીએમ બંધ હોવાને કારણે ગ્રાહકો ધરમના ધક્કા ખાઈ રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા દસ દિવસ કરતા વધારે સમયથી આ જ સમસ્યાનો સામનો ગ્રાહકો કરી રહ્યા છે. ગ્રાહકો ૨૪ કલાક કોઈપણ સમયે નાણાંની લેવડ-દેવડ આસાનીથી કરી શકે પણ હવે આવું નથી રહ્યું કારણ કે મોટાભાગના સમયે એટીએમ આઉટ ઓફ સર્વિસ થાય છે તો કોઈકવાર નાણાં ખૂટી પડે છે. શહેરના મોટા ભાગના એટીએમમાં ઓફ લાઈન અને આઉટ ઓફ સર્વિસ નો મેસેજ ફ્લેશ થતો હતો ત્યારે બીજા એટીએમ માત્ર શોભાના ગાંઠીયા સમાન મુકેલા જોવા મળતા ગ્રાહકો રોષે ભરાયા હતાં, પણ ગ્રાહકો




પૂછે તો કોને પૂછે, અહીં તો કોઈ જવાબ આપવાવાળું હોતું નથી.